ૐ

શ્રી પરમકૃપાળુદેવાય નમઃ

કઠોપનિષદ

શિબિર-૨

અધ્યાય-૧ પ્રથમ વલ્લી શ્લોક ૨૦-૨૯

**WORKSHEET** **Marks: 50**

Name: .................................................. Tel. No.: ....................................... Group: .......................................

**(I) સાચો જવાબ પસંદ કરો.** **Marks: 5**

1. ....................................નિત્ય છે.
   (a) આત્મજ્ઞાનનું ફળ (b) પુણ્યફળ (c) દેવોનું આયુષ્ય (d) ભૌતિક સુખો
2. આત્મવિદ્યા આત્મસાત કરવા માટે ....................................... જોઈએ.
   (a) માત્ર શ્રવણ (b) લાંબુ આયુષ્ય (c) ચિત્તશુદ્ધિ (d) કોરી જિજ્ઞાસા
3. ધન ............................ આપી શકે.
   (a) સુખ (b) સુવિધા (c) સંતોષ (d) આત્મજ્ઞાન
4. આ વલ્લીનો છેલ્લો શ્લોક ............................... ઉચ્ચારે છે.
   (a) સૂત્રધાર (b) નચિકેતા (c) યમ (d) વાજશ્રવસ
5. ........................................... સૌથી દુર્લભ છે.
   (a) તત્ત્વ સંભળાવવાવાળા (b) તત્ત્વ સમજવાવાળા (c) તત્ત્વ સ્વીકારવાવાળા (d) પોતાને સુધારવાવાળા

**(II) નીચે આપેલ દષ્ટાંતો અને તેના પરમાર્થના જોડકા બનાવો.** **Marks: 5**

| | |
|---|---|
| 1. ડાંગ જંગલ – રસ્તો | a. સ્વરૂપાનુસંધાન કેળવશું તો આપણે મૃત્યુમાંથી નિર્ભયપણે પસાર થશું. |
| 2. યુવાનનું ચિત્ર - વાળ, આંખ, પાંખ | b. તૃષ્ણાને કારણે સામાન્ય જીવ પ્રલોભનોમાં લપસી જાય છે. |
| 3. દર્પણ - પથ્થર - પ્રતિબિંબ | c. આ જીવન આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો અવસર છે. |
| 4. સર્પ – કાંચળી | d. તૃષ્ણા આકાશ જેવી અનંત છે. |
| 5. ઘડો – ટકોરા | e. જીવનધ્યેયની સ્પષ્ટતા હોય તો તે તરફ શક્તિ અને ગતિ આવશે. |
| 6. આશ્રમ - મઠાધીશ - ૧૦ શિષ્ય | f. જીવનનો ઉપયોગ ઈચ્છાપૂર્તિ માટે નહીં, પણ આત્મકલ્યાણ માટે કરવો જોઈએ. |
| 7. સિકંદર - ફકીર – ખોપડી | g. શિષ્યને આત્મબોધ આપતાં પહેલા ગુરુ તેની પરીક્ષા કરે. |
| 8. સૌદાગર - ૭ દિવસમાં મૃત્યુ | h. પોતાને ઓળખવા અને પોતામાં સ્થિર થવા માટે નિત્ય અભ્યાસ કરવો આવશ્યક છે. |
| 9. વાયોલિન - સમય લાગે | i. ઊગે છે તે આથમે છે, જે જન્મે છે તે મરે છે. |
| 10. બુદ્ધ - ગૌતમી - પુત્રમોહ | j. આત્મોપદેશ માટે પાત્રતા જોઈએ, માત્ર કુતૂહલ નહીં. |

1) .......... 2) .......... 3) .......... 4) .......... 5) .......... 6) .......... 7) .......... 8) .......... 9) .......... 10) ..........

**(III) એક કે બે શબ્દોમાં જવાબ લખો.** **Marks: 5**

1. સાધુને ત્યાગી તરીકે જોવાને બદલે કઈ રીતે જોવા જોઈએ? ................................................

2. માણસ - ઈચ્છાઓ = ................................................

3. જો જીવાત્માને કમ્પ્યૂટર સાથે સરખાવીએ, તો અંતઃકરણનો કયો વિભાગ પાસવર્ડ સમાન છે? ................................................

4. સ્પેનના કયા વર્તનશાસ્ત્રી બળદ પર પ્રયોગ કરી એ નિર્ણય પર આવ્યા કે દેહ, મનાદિ પાસે ઇચ્છિત વર્તન કરાવવા માટે આત્માની જરૂર નથી? ................................................

5. નચિકેતામાં પૂરા પ્રમાણમાં જોવા મળતાં સાધન ચતુષ્ટયના ચાર ગુણોમાંથી કોઈ પણ બે ગુણ લખો. ................................................

**(IV) નીચેનું કથન સાચું છે કે ખોટું તે લખો. ખોટું હોય તો તેનું કારણ દર્શાવો.** **Marks: 5**

1. મૃત્યુ અને મૃત્યુની પારનું દેખાય છે તે છતાં ભારતીય ચિંતકોમાં મૃત્યુ પછી શું થાય છે તે સંબંધી વિપરીત નિર્ણયો જોવા મળે છે.

................................................................................................................................................

2. જન્મ એ મારો આરંભ નથી અને મૃત્યુ એ મારો અંત નથી.

................................................................................................................................................

3. અર્થ કામ દ્વારા સાદિ અનંતની પ્રાપ્તિ થાય છે.

................................................................................................................................................

4. નચિકેતાનો પ્રત્યુત્તર નકારાત્મકતામાંથી નહીં, પણ તેના દુઃખગર્ભિત વૈરાગ્યમાંથી ઉદ્ભવ્યો હતો.

................................................................................................................................................

5. નચિકેતાએ આ મનુષ્ય લોકના ભૌતિક સુખોમાં ઉત્સુકતા ન દેખાડી ત્યારે યમરાજે તેને અલૌકિક આત્મસુખનું પ્રલોભન આપ્યું.

................................................................................................................................................

**(V) એક વાક્યમાં જવાબ લખો.** **Marks: 10**

1. શ્લોક ૧થી ૧૯ના સારરૂપે પૂજ્ય ગુરુદેવશ્રીએ સુંદર જીવન માટે કયા ૪ CC દર્શાવ્યા?

................................................................................................................................................

2. આપણે સમસ્યાનું કદ અને હદ મનને શા માટે ન સોંપવા જોઈએ?

................................................................................................................................................

3. નચિકેતાને આત્મવિદ્યાને બદલે બીજું કોઈ વરદાન માંગવાનો પ્રસ્તાવ મૂકવા પાછળ યમરાજનો હેતુ શું હતો?

................................................................................................................................................

4. પુનઃ જન્મ છે એ કથનનો અનધિકારી જીવોએ કઈ રીતે અવળો અર્થ લીધો?

................................................................................................................................................

5. કેરકેગાર્ડ પ્રમાણે જીવની એકાગ્રતા અને શુદ્ધિ ક્યારે વધે છે?

................................................................................................................................................

6. મોક્ષમાર્ગમાં મુખ્યત્વે કઈ ત્રણ ઈચ્છા જીવને આડી આવે છે?

................................................................................................................................................

7. વિષયભોગથી ઇન્દ્રિયોને શું નુકસાન થાય છે?

................................................................................................................................................

8. નાના બાળકોને સ્પાઈડરમેન શા માટે ગમે છે?

........................................................................................................................................................................

9. નચિકેતાના નામનાં અક્ષરો તોડી તેનો ગુણ દર્શાવો.

........................................................................................................................................................................

10. યમરાજે આપેલ પ્રલોભનો સાંભળતા નચિકેતાના આત્મારૂપી સમુદ્રમાં શું ન થયું?

........................................................................................................................................................................

**(VI) ટૂંકમાં જવાબ લખો.** **Marks: 10**

1. ડ્રાઈવર સીટ - બૅક સીટ. ટૂંકમાં દષ્ટાંત લખી જ્ઞાનીદશા સમજાવો.

........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................

2. સ્ટુડિયો - ત્રણ પ્રકારના ફોટો. ટૂંકમાં દષ્ટાંત લખી તેનો પરમાર્થ સમજાવો.

........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................

3. a) નચિકેતા આત્માના અસ્તિત્વ અને પરલોકગમનમાં માનતો હતો તે શા પરથી કહી શકાય? b) તે છતાં મૃત્યુ પછી શું થાય છે એ પ્રશ્ન પાછળ તેનો ઊંડો હેતુ શું હતો?

........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................

4. પાન - ચૂનો - કાથો. ટૂંકમાં દષ્ટાંત લખી ચાર્વાક દર્શનનો આત્માની ઉત્પત્તિ - નાશ સંબંધી મત સમજાવો.

........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................

5. માઈક્રોસૉફ્ટ - બિલ ગેટ્સ - કમ્પ્યૂટર. ટૂંકમાં દ્રષ્ટાંત લખી તેનો પરમાર્થ સમજાવો.

........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................

**(VII) નીચેના કથનોનો નચિકેતાએ યમરાજને શું પ્રત્યુત્તર આપ્યો તે ટૂંકમાં લખો.** **Marks: 10**

1. ખરેખર, એને સમજવું સરળ નથી. તે સૂક્ષ્મ પ્રકારનું જ્ઞાન છે.

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

2. આ મુદ્દા ઉપર દેવોના મનમાં પણ સંશય છે, તેઓને પણ આ જ્ઞાન માટે જિજ્ઞાસા રહે છે.

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

3. તારે જેટલી શરદો (વર્ષો) જીવવું હોય એટલું જીવ.

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

4. તું મારી પાસે સંપત્તિનું વરદાન માંગ.

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

5. રથો અને સંગીતના વાદ્યો સહિતની સ્વર્ગની અપ્સરાઓનો ઉપભોગ મનુષ્યો ખરેખર કરી શકતા નથી. તે પણ તને આપીશ.

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

* * *